# મુખ્ય સચિવ પદ માટે ત્રણ દાવેદારો, પ્રથમ ક્રમે ગુરૂપ્રસાદ મહાપાત્ર

**રાજ્ય સરકારના વહીવટી વડા તરીકે ૧લી માર્ચના રોજ જે ઓફિસરનીસંભાવના છે તેમાં બીજા બે નામ પંકજકુમાર અને રાજીવકુમાર ગુપ્તા છે**

ગાંધીનગર

ગુજરાતના નવા ચીફ સેક્રેટરીપદ માટે ત્રણ સિનિયરઆઈએએસ અધિકારીઓના નામ ઉભરી રહ્યાં છે. આ ત્રણ નામ પૈકીસૌથી ટોચ પર હાલ દિલ્હીમાં ડેપ્યુટેશન પર ગયેલા સિનિયર આઈએએસઅધિકારી ગુરૂપ્રસાદ મહાપાત્રનું નામ છે. જો કે હજી હાલના ચીફ સેક્રેટરીઅનિલ મુકિમનો એક્સટેન્શનનો સમયગાળો ફેબ્રુઆરી મહિનામાં પૂર્ણ થાયછે.

સચિવાલયના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે રાજ્યના નવા ચીફસેક્રેટરીપદ માટે ગુજરાત સરકાર કેન્દ્રમાં ત્રણ નામની પેનલ મોકલશે જેઅગાઉ પણ મોકલવામાં આવી હતી પરંતુ કેન્દ્ર સરકારે ડેપ્યુટેશન પરદિલ્હી ગયેલા અનિલ મુકિમની નિયુક્તિ કરી દીધી હતી. આ વખતે પણડેપ્યુટેશન ગયેલા ગુરૂપ્રસાદ મહાપાત્રની સંભાવના વધી રહી છે.



રાજ્યમાં ચીફ સેક્રેટરીની પસંદગી ફાયનાન્સ અને હોમ એમ બન્નેડિપાર્ટમેન્ટના અધિક મુખ્યસચિવમાંથી કરવામાં આવતી હોય છે. સૂત્રોનાજણાવ્યા પ્રમાણે મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમારને હાલહોમ વિભાગના અધિક મુખ્યસચિવનો વધારાનો હવાલો આપવામાંઆવેલો છે પરંતુ તેમને હોમ ડિપાર્ટમેન્ટમાં કાયમી નિયુક્ત કરવામાં આવેતેવી સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વિક્રમજનક ઠંડી : પારો ૮.૫

**ગઇકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૧.૫ ડીગ્રી ગગડયુ : દિવસનુ તાપમાન ૩૦ ડીગ્રીની ઉંચાઇએ : ઠંડી અને ગરમીના તાપમાનમાં ચાર ઘણો તફાવત : આકરા કોલ્ડવેવથી જનજીવન સુન્ન : માર્ગો પર સુનકાર**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ જોર વધ્યુ છે. ઠંડીના પોરો રોજબરોજ ગગડી રહ્યો છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧.૫ ડીગ્રી ગગડીને ૮.૫ સુધી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોધાઈ હતી ઠંડીનો પારો ફરી એકવાર સિંગ્લ ડીઝીટમાં આવી ગયો હતો. આકરી ઠંડીએ નગરને બાનમાં લીધુ છે. ત્યારે જનજીવન પર આક્રમક કોલ્ડવેવની ઘેરી અસર વર્તાઈ રહી છે. સાંજ ઢળતા જ શહેરમાં સુનકાર વ્યાપી જાય છે. ઠંડીની તિવ્ર અસરથી બચવા માટે નગરજનો ઘરમાં પુરાયેલા રહે છે. જો કે ઠંડીના વધતા કહેર વચ્ચે દિવસનુ તાપમાન હજુ પણ ૩૦ ડીગ્રીએ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ચાર ઘણો તફાવત જોવા મળી રહ્યો છે જેના લીધે દિવસ દરમિયાન હજુ પણ આકરી ઠંડીની અસર વર્તાતી નથી.

ગ્રીનસીટીમાં ઠંડીની મોસમ નિખરતા નગરજનો બર્ફિલા પવન વચ્ચે આકરી ઠંડી અનુભવી રહ્યા છે. આજે પણ ઠંડીનો પારો ૮.૫ ડીગ્રી સાથે સિંગ્લ ડીઝીટમાં આવી ગયો હતો. સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીથી જનજીવન સુન્ન પડી ગયુ છે. આજે પણ સવારથી આકરી ઠંડીએ સૌ કોઈને ઘરમાં જ રહેવા મજબુર કર્યા હતા. વહેલી સવારે અસહ્ય ઠંડીનો ચમકારો વર્તાયો હતો જયારે બપોર થતા ઠંડીનુ જોર હળવ પડી ગયુ હતુ. દિવસનુ તાપમાન પણ ૩૦ ડીગ્રી રહેતા બપોરનો તાપ આકરો લાગ્યો હતો જયારે ઢળતી સાંજે ફરી ઠંડીએ વાતાવરણ પર કબજો જામાવી લીધો હતો. આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા શહેરના શોપિંગ બજારમાં પણ સવારે અને સાંજના સમયે પાંખી અવરજવર જોવા મળી રહી છે. જયારે રાત્રિના સમયે કરફયુ જેવો માહોલ જોવા મળે છે.



નગરના માર્ગો પર પણ સાંજના સમયે વાહનચાલકોની પાંખી અવરજવર બાદ રાત્રિના સન્નાટો પ્રવર્તે છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીના પારો ૧૧ ડીગ્રીની અંદર આવી ગયો છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૧૦.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ૧.૫ ડીગ્રીની ગિરાવટ સાથે સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આકરી ઠંડીના લીધે નગરના શ્રમિકોની હાલત દયનીય બનતી જાય છે. ઝુંપડામાં તેમજ ખુલ્લામાં રહેતા મજુરો અને ગરીબોને ગરમ કપડાની હુંફ આપવા માટે નગરની સેવા સંસ્થાઓ પણ કામે લાગી છે.

# વાવોલ ઉવારસદને જોડતા ૪૫ મીટરના માર્ગને સીસી રોડ બનાવાનુ કામ શરૂ

**છેલ્લા ત્રણ વર્ષથી વરસાદી પાણીના ભરાવા અને ભારે વાહનોની અવરજવરના લીધે માર્ગની દશા બેઠી હતી : નિચાણમાં ગરકાવ થઇ ગયેલો માર્ગ બિસ્માર હાલતમાં**

ગાંધીનગર તા ૨૩

વાવોલમાં ઉવારસદ જતા માર્ગનુ કામ શરૂ કરી દેવાયુ છે. માર્ગની આસપાસની સરફેસ ઉંચી આવી જતા નિચાણમાં ગરકાવ થઈ ગયેલા આ માર્ગના અસ્તિત્વ સામે વારંવાર ખતરો મંડરાય છે. જેના લીધે ટુંકા સમયગાળામાં જ આ માર્ગ ઉબડ ખાબડ બની ગયો છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા હવે રસ્તાને સી સી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સી સી રોડના નિર્માણ પાછળ રૂ ૫.૫૦ કરોડનો ખર્ચ કરાશે.



વાવોલ ઉવારસદ માર્ગ છેલ્લા ઘણાં સમયથી બિસ્માર હાલતમાં હતો અગાઉ આ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ આસપાસના વિસ્તારમાં અન્ય કામગીરી થઈ હોવાની સાથે જમીનનુ લેવલ ઉંચુ આવી ગયુ હોવાથી આ માર્ગ નિચાણમાં ગરકાવ થઈ ગયો હતો. વરસાદી દિવસો દરમિયાન પણ આ માર્ગ પર પાણી ભરાઈ જવાના લીધે ગાબડા પડયા હતા. છેલ્લા ત્રણ વર્ષના અંતે જયારે સોઈલ લીકના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સે-૬ માં સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવાનુ કામ શરૂ

**મોટાભાગના સેકટરોના આંતરિક વિસ્તારમાં કટાયેલા અને કંગાળ થાંભલા જોખમી બન્યા હોવાનો રહીશોનો આક્રોશ : તબક્કવાર તમામ સેકટરોમાં કામ હાથ ધરવા પણ માંગણી**

ગાંધીનગર તા ૨૩

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓની હાલત અત્યંત કંગાળ બનતી જાય છે. સેકટરોમાં કેટલાક ઠેકાણે આ થાંભલા નમી પડેલી હાલતમાં પણ જોવા મળે છે. ત્યારે કટાયેલા અને કંગાળ થાંભલા દાયકાઓના અંતે પણ હજુ બદલાયા નથી ત્યારે શહેરના સે-૧૬ બાદ સે-૬ માં હાલ નવા પોલ્સ નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. ત્યારે નગરના સે-૩ સહીત અન્ય સેકટરોમાં પણ



ઝડપથી સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવા માટે કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના મોટાભાગના થાંભલા કટાયેલા અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. જયારે ઘણાં ઠેકાણે આ થાંભલાના ઢાંકણો પણ ખુલ્લા હોય છે. નગરના ગ-૨ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી નમી પડેલો સ્ટ્રીટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૪ નવા કેસ : ૩૯ ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે કોરોનાના ૩૪ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્યવિસ્તારમાં ૧૯ અને ગાંધીનગર શહેરના ૧૫ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૮ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ અને માસ્ક ફરજીયાતના અમલીકરણ માટે તંત્રએ તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૯ કેસમાં ગાંધીનગરમાંથી ૮, દહેગામમાંથી ૩, માણસામાંથી ૪ અને કલોલમાંથી પણ ૪ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો તેમજ આધેડ વયના દર્દીઓનો સમાવેશ થાય છે.

**સે. ૧, ૨, ૩, ૫, ૨૨માં ૨-૨ કેસ સહિત ૧૫ નવા કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૩, કલોલમાં ૪, માણસામાં ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી ૪ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત વાવોલ, રાયસણ, સુઘડ, સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. દહેગામ અર્બન ઉપરાંત લહેરીપુરા કંપા, સામેત્રી ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ નોંધાયા છે. તાલુકાના અમરપુરા, રંગપુર, પુંધરા અને હનુમાનપુરા ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી પણ ૪ કેસ મળી આવેલ છે. નારદીપુર, છત્રાલ, જામળા અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૧૯ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫૪૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૧૧,૧૨૧

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

**ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ**

**જાહેર નોટીસ**

રાજ્ય સરકાર દ્વારા ફાયર એક્ટ-૨૦૧૩થી ફાયર એક્ટ બનાવવામાં આવેલ છે. ફાયર એક્ટની જોગવાઈ અંતર્ગત તથા G.P.M.C. Act 1949 ની કલમ 458 નીચે જણાવેલ બિલ્ડીંગ બાયલોઝના પ્રકરણ-૩ ના ક્લોઝ 8 તથા ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન નં. 17 (2) અને 18(2) અનુસાર હાઈરાઈઝ બિલ્ડીંગોમાં ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવવી, મેઈન્ટેન કરવી તથા ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શનના નિયમોનું પાલન કરવું ફરજીયાત છે.

ધી ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ની કલમ-૧૮ મુજબ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવવી, કાર્યરત રાખવી તથા તેનું ફાયર ખાતા પાસે ઈન્સ્પેક્શન કરાવી જરૂરી સર્ટીફીકેટ (નો-ઓબ્જેક્શન) મેળવવાની સંપૂર્ણ જવાબદારી જે-તે માલિક/ઓર્ગેનાઈઝર/બિલ્ડર/ડેવલપર/ચેરમેન/સેક્રેટરી/મેમ્બર તથા વપરાશકર્તાની રહેતી હોય છે.

હાઈ-રાઈઝ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટર કરતા ઉંચાઈના તમામ બિલ્ડીંગ-રેસિડેન્શિયલ, રેસિડેન્શિયલ કમ કોમર્શીયલ, કોમર્શીયલ), લો-રાઈઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઈના) બિલ્ડીંગો/પબ્લિક ગેધરીંગ/ સ્પેશીયલ પ્રકારના હોસ્પિટલ બિલ્ડીંગો/સિનેમા મલ્ટીપ્લેક્સ/મોલ/તમામ પ્રકારની ફેક્ટરીઓ/વેર હાઉસ/ગોડાઉનના માલિક/ઓર્ગેનાઈઝર/બિલ્ડર/ડેવલપર/ચેરમેન/સેક્રેટરી/મેમ્બર તથા વપરાશકારને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી તુરંત ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરાવવી.

જે જગ્યાએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવેલ હોય તેઓએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ કાર્યરત છે તે બાબતનું સર્ટીફિકેટ (નો-ઓબ્જેક્શન) અગ્રિમતાના ધોરણે (તાકીદના ધોરણે) સમયમર્યાદામાં મેળવી લેવાનું રહેશે.

સ્ટેરકેસ તથા બિલ્ડીંગનો અન્ય ભાગ ફાયર એક્ટની જોગવાઈ મુજબ તાકીદે વેન્ટીલેટેડ કરાવવાના રહેશે.

**નામદાર હાઈકોર્ટના આદેશ અનુસારઃ**


૧) હાઈરાઈઝ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટરથી વધુ ઉંચાઈના તમામ બિલ્ડીંગ-રેસિડેન્શિયલ, રેસિડેન્શિયલ કમ કોમર્શીયલ, કોમર્શીયલ)

૨) લૉ-રાઈઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઈના) બિલ્ડીંગો જેવા કે હોસ્પિટલ/પબ્લિક ગેધરીંગ/સ્પેશીયલ પ્રકારના હોસ્પિટલ બિલ્ડીંગો/સિનેમા હોલ/મલ્ટીપ્લેક્સ/ મોલ/ તમામ પ્રકારની ફેક્ટરીઓ/ વેર હાઉસ/ મેરેજ કોમ્યુનિટી હોલ/ ઓડીટોરીયમ/ ફ્યુઅલ પંપ/શૈક્ષણિક સંસ્થાઓ/ટ્યુશન ક્લાસીસ/ હોસ્ટેલો/ બેંકો તથા નાણાં સંસ્થાઓ/ ગોડાઉનના માલિક/ ઓર્ગેનાઈઝર/ બિલ્ડર/ડેલપર/ ચેરમેન/ સેક્રેટરી/ મેમ્બર તરફથી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરાવવી જરૂરી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન બાબતનું સર્ટીફીકેટ સક્ષમ સત્તા પાસે મેળવવામાં આવશે નહીં તેમજ તે માટેના ફાયર એક્ટની જોગવાઈ મુજબ નિયમોનું પાલન કરવામાં આવશે નહી અને આગ/ જાનહાની કે હોનારત સર્જાશે અને આવા સમયે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મેનેજમેન્ટ/લગત માલિક/ કબ્જેદાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જેને કારણે પડનાર હાડમારી કે મુશ્કેલીની તો તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટ/ માલિક/ કબ્જેદારની રહેશે.

તા. ૨૩/૧૨/૨૦૨૦
સ્થળ : ગાંધીનગર
માહિતી/૧૫૬૨/૨૦-૨૧

સહી
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

## હૃદયાંજલિ



जातस्य हि ध्रुवो मृत्यु
- र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि ॥

॥ श्रीमद भगवद गीता २:२७ ॥

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને
મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં
શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

॥ શ્રીમદ ભગવદ્ ગીતા ૨:૨૭ ॥

**સ્વ. અમીતકુમાર મહારાજા**
સ્વર્ગવાસ તા. ૬/૧૨/૨૦૨૦

**સ્વ. રમેશચંદ્ર રણછોડલાલ વ્યાસ પરિવાર**
ગં.સ્વ. અવંતિકાબેન રમેશચંદ્ર વ્યાસ

| | | |
|---|---|---|
| પંકજ વ્યાસ | મનોજ વ્યાસ | વંદના જહા |
| કિશોરી વ્યાસ | બિંદુ વ્યાસ | પ્રકાશ જહા |


૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ

હંમેશા એક કદમ આગે

UltraTech CEMENT
The Engineer's Choice

Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)

૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com